# 360 નામ શોર્ટલિસ્ટ, 1745 દાવેદાર બહાર

**6ઠ્ઠી** તારીખે મુખ્યમંત્રીના નિવાસસ્થાને બેઠકમાં ભાજપના ઉમેદવારોનાં નામો પર અંતિમ ચર્ચા

**8 એપ્રિલની** આસપાસ ઉમેદવારોનાં નામ જાહેર થઈ શકે

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. ત્રણ દિવસ સુધી ચાલેલી 'સેન્સ' પ્રક્રિયા બાદ સ્ક્રિનિંગ અને સંકલન બેઠકોનો દોર શરૂ થયો છે.

આ પ્રક્રિયામાં કુલ 2105 દાવેદારમાંથી માત્ર 360 નામને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે 1745 દાવેદારની સીધી જ બાદબાકી કરવામાં આવી છે. મહાપાલિકાની 30 વોર્ડની કુલ 120 બેઠક માટે દરેક બેઠક દીઠ ત્રણ ઉમેદવારોની પેનલ તૈયાર કરવામાં આવી છે. આ યાદી હવે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને મોકલવામાં આવી છે. આગામી 6મી તારીખે મુખ્યમંત્રીના નિવાસસ્થાને યોજાનારી બેઠકમાં આ નામો પર અંતિમ ચર્ચા થશે અને સંભાવના છે કે 8 એપ્રિલ આસપાસ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે.

### ટિકિટ માટે દાવેદારો ગોડફાધરની શરણે

સેન્સ પ્રક્રિયા પૂર્ણ થતાં જ ટિકિટ મેળવવા ઇચ્છુક દાવેદારોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. હવે ઉમેદવારો પોતાની ટિકિટ ફાઈનલ કરાવવા માટે રાજકીય આગેવાનો અને 'ગોડફાધર'ના શરણે પહોંચ્યા છે. ગાંધીનગર અને અમદાવાદ સુધી દોડધામ તેજ બની છે. દાવેદારો દ્વારા સી.આર. પાટીલ, જગદીશ વિશ્વકર્મા સહિત પ્રદેશ અને રાજ્યના ટોચના નેતાઓ સુધી ભલામણો પહોંચાડવા પ્રયાસો થઈ રહ્યા છે.

### ભાજપમાં ઉમેદવારોની પસંદગીમાં કડક માપદંડો યથાવત્

ભાજપે આ વખતે પણ ઉમેદવારોની પસંદગી માટે કડક માપદંડો યથાવત રાખ્યા છે. 60 વર્ષથી વધુ વયના દાવેદારોને ટિકિટ ન આપવી, ત્રણ ટર્મ પૂર્ણ કરનારા કોર્પોરેટરોને આરામ આપવો જેવા નિયમો લાગુ રહેશે.આ સાથે પક્ષ દ્વારા નવા, યુવાન, શિક્ષિત અને ખાસ કરીને મહિલાઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. 50 ટકા મહિલા અનામતને ધ્યાનમાં રાખીને પસંદગી પ્રક્રિયામાં મહિલાઓને મહત્ત્વનું સ્થાન આપવામાં આવી રહ્યું છે.

## સુરત મનપામાં નવા રોસ્ટરથી 32 બેઠક OBC માટે અનામત

**જનરલ** બેઠકો પર OBCને ટિકિટ મળશે કે નહીં? મજબૂત દાવેદારોમાં વધતી ચિંતા

સુરતઃ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ-2023 મુજબ હવે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં OBC માટે 27 ટકા સુધી આરક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. તેના પરિણામે સુરત મનપામાં કુલ 32 બેઠક OBC કેટેગરી માટે અનામત રાખવામાં આવી છે, જેમાંથી 50 ટકા બેઠક મહિલાઓ માટે આરક્ષિત છે. આ નવા રોસ્ટરથી શહેરના અનેક વોર્ડમાં રાજકીય સમીકરણોમાં મોટા ફેરફારો થયા છે.

ગત ચૂંટણીમાં OBC સમાજના અનેક ઉમેદવારોને જનરલ કેટેગરીની બેઠકો પર ભાજપે ટિકિટ ફાળવી હતી. પરંતુ હાલની પરિસ્થિતિમાં એ જ મોડેલ ચાલુ રહેશે કે નહીં તે અંગે સ્પષ્ટતા નથી. પ્રદેશ સ્તરે પણ આ મુદ્દે હજી સુધી કોઈ સ્પષ્ટ નીતિ જાહેર કરવામાં આવી નથી અને અંતિમ નિર્ણય પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં લેવામાં આવશે તેવી શક્યતા છે. રાંદેર ઝોન સહિતના અનેક વોર્ડમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. અગાઉ જનરલ રહેલી ઘણી બેઠકો હવે OBC અથવા અન્ય અનામત કેટેગરીમાં ફેરવાઈ ગઈ છે. જેના કારણે સિટિંગ કોર્પોરેટરો સહિત ઘણાં મજબૂત દાવેદારોની ટિકિટ પર સંશય ઊભો થયો છે. હાલ પરિસ્થિતિ એવી છે કે OBC સમાજમાંથી આવતા દાવેદારો હવે જનરલ બેઠકો પરથી ટિકિટ મેળવવા માટે નેતાઓ સુધી પહોંચવા માટે પ્રયત્નો તેજ કરી રહ્યા છે. શહેરના ઘણા વોર્ડમાં આ જ સ્થિતિ જોવા મળી રહી છે,

## અમરોલીની સત્યમ રેસિડેન્સીના ફ્લેટમાં આગ

**ઘરવખરી** બળીને સ્વાહા થઈ ગઈ

સુરતઃ અમરોલી સ્થિત રજવાડી પાર્ટિ પ્લોટ નજીક આવેલી સત્યમ રેસિડેન્સિના એક ફ્લેટમાં શનિવારે વહેલી સવારે આગ લાગવાને કારણે મકાનમાં રહેતા પરિવારમાં ભયનો માહોલ ફેલાયો હતો.

ઈલેક્ટ્રિક બોર્ડમાં થયેલા ફ્લેશ ફાયરને કારણે આગ ફેલાઈ જતાં તમામ ઘરવખરી આગની લપેટમાં આવી સ્વાહા થઈ ગઈ હતી. ફાયર કંટ્રોલને જાણ કરાતા અમરોલી ફાયર બ્રિગેડનો કાફલો તુરંત ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ, અમરોલિ વિસ્તારમાં રજવાડી રેસિડેન્સિ આવી છે. જેનાં એફ વિંગનાં ફ્લેટ નં-201માં શિવમભાઈ પરમારનો પરિવાર રહે છે. આજે સવારે 7:00 કલાકે તેમનાં ફ્લેટનાં લિવિંગ રૂમનાં ઈલેક્ટ્રિક બોર્ડમાં શોર્ટ સર્કિટ થતાં ફ્લેશ ફાયર થયો હતો, બાદમાં આગ લાગવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં આગ આખા રૂમમાં ફેલાવા લાગી ગઈ હતી. પહેલાં પરિવારનાં સભ્યોએ જાતે આગ ઓલવવાનાં પ્રયત્ન કર્યા હતા પરંતુ આગ ફેલાવા લાગતા ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી. અમરોલી ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ફાયર સબ ઓફિસર મારૂતિ સોનવણેએ જણાવ્યું હતું કે, આગ આખા રૂમમાં ફેલાઈ ગઈ હતી, તેને કારણે કારપેટ, સોફા, ટીવી સેટ, પીઓપી સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગ ઉપર ગણતરીની મિનિટોમાં જ કાબૂ કરી લીધી હતી. જોકે બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ ન હોવાનું પણ સૂત્રોએ ઉમેર્યું હતું.

### શહેરમાં ચોમાસાની જેમ આકાશ પર વાદળોનો કબજો



■ સુરતમાં શનિવારે સવારથી જ વાતાવરણમાં ધૂપછાંવ જોવા મળ્યું હતું. વાદળો જોતાં એવું લાગતું હતું કે, આ વખતે હવામાન ખાતાની આગાહી સાચી પડશે અને વરસાદ વરસશે પરંતુ તેવું થયું નહીં. (તસવીર : હેમંત ડેરે)

## આપના યુવા ઉ.પ્ર.એ AIથી અમિત રાજપૂતનો ફેક વિડીયો બનાવ્યો

**મનપાના** પૂર્વ શાસક પક્ષના નેતા અને ભાજપ આગેવાન અમિતસિંગ રાજપૂતે ગોડાદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી

સુરતઃ આપના યુવા ઉપપ્રમુખ દ્વારા એઆઈનો ઉપયોગ કરીને પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ મનપાના પૂર્વ શાસક પક્ષના નેતા અને ભાજપના આગેવાન અમિતસિંહ રાજપુતે ગોડાદરા પોલીસમાં નોંધાવી છે. ગોડાદરા પોલીસે આ મામલે આપના યુવા ઉપપ્રમુખ શ્રવણકુમાર જોષી સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલીના સેફરોન બંગ્લોઝમાં રહેતા અને મનપાના પૂર્વ શાસક પક્ષના નેતા અને ભાજપ આગેવાન ૪૧ વર્ષીય અમિતસીંગ જમનાસીંગ રાજપુત ગોડાદરા ખાતે પોતાની ઓફિસ ધરાવે છે. ગત શનિવાર, ૪ એપ્રિલના રોજ જ્યારે તેઓ પોતાની ઓફિસ પર હાજર હતા, ત્યારે તેમના ધ્યાને આવ્યું હતું કે 'Sravankumar Joshi' નામના ફેસબુક એકાઉન્ટ પરથી એક ૧ મિનિટ અને ૫૮ સેકન્ડનો ડોક્યુમેન્ટ્રી વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં અમિતસીંગ રાજપુતના ચહેરાનો આબેહૂબ ઉપયોગ કરીને AI ટેકનોલોજી દ્વારા ખોટા દ્રશ્યો ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં તેમને હાથકડી પહેરેલી હાલતમાં, કોઈનું અપહરણ કરતા હોય તેવા દ્રશ્યો, અને કોરોના કાળમાં ટિકિટોના કાળાબજાર જેવી ગંભીર બાબતો સાથે સાંકળવામાં આવ્યા હતા.

એટલું જ નહીં, વિવિધ ન્યૂઝ પેપરના કટિંગ્સ અને ન્યૂઝ ચેનલોના લોગોનો ઉપયોગ કરી આ વીડિયોને સાચો હોવાનું દર્શાવવા પ્રયાસ કરાયો હતો. ફેસબુક પ્રોફાઈલ તપાસતા આ એકાઉન્ટ ધારક શ્રવણકુમાર જોષી ગુજરાત આમ આદમી પાર્ટીના યુવા ઉપપ્રમુખ હોવાનું માલૂમ પડ્યું હતું. જેથી રાજકીય દ્વેષ રાખીને પોતાની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવા અને સમાજમાં તેમને બદનામ કરવાના ઈરાદે આ પ્રકારનો ફેબ્રિકેટેડ વીડિયો સોશિયલ મીડિયા પર વહેતો કરવા બદલ અમિતસીંગ રાજપુતે ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શ્રવણકુમાર જોષી વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે આજે ચં.ચી.મહેતાને સ્મરણાંજલિ અપાશે

સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે પરિષદના પૂર્વ પ્રમુખ નાટ્ય મહર્ષિ સ્વ.ચંદ્રવદન ચી. મહેતાની સવાશતાબ્દી નિમિત્તેસ્મરણાંજલિનો એક કાર્યક્રમ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના 'સમૃદ્ધિ'હોલ, નાનપુરા,સુરત ખાતે તા.5મી એપ્રિલ, 2026ના રોજ સાંજે 6 કલાકેયોજવામાં આવ્યો છે. જેમાં પ્રતિષ્ઠિત સાહિત્યકાર ડો. સતીશ વ્યાસ ચં.ચીના ગઠરિયા ગદ્ય , ડો. રમણ સોની ચં.ચી.નું પદ્ય અને નાટ્યવિદ્ મહેશ ચંપકલાલ ચં.ચી.ના વિશિષ્ટ નાટકો વિષય પર વક્તવ્ય રજૂ કરશે. અધ્યક્ષપદે યઝદી કરંજીયા અને અતિથિવિશેષ તરીકે ચેમ્બર્સના અધ્યક્ષ નિખિલ મદ્રાસી ઉપસ્થિત રહેશે. સંવાહક તરીકે પરિષદ ઉપપ્રમુખ રાજન ભટ્ટ, કાર્યવાહક સભ્ય બકુલ ટેલર અને કપિલદેવ શુક્લ સેવા આપશે.

### થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે કતારગામ પોલીસના કેમ્પમાં 773 દ્વારા રક્તદાન

સુરતઃ શનિવારે કતારગામ પોલીસ મથકમાં થેલેસેમિયાગ્રસ્ત દર્દીઓ માટે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 773 લોકોએ રક્તદાન કરી માનવ ધર્મ બજાવ્યો હતો. મદદનીશ પોલીસ કમિશનર એલ.બી.ઝાલાએ જણાવ્યું હતું કે, સવારે નવ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી આયોજીત આ રક્તદાન કેમ્પમાં આ સેવાકાર્યને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, સેક્ટર-1 બલરામ મિણા સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, થેલેસેમિયાગ્રસ્ત બાળકોને રક્ત પૂરું પાડવામાં પોલીસ મદદરૂપ બની શકે એ વિચાર અમદાવાદના તત્કાલીન પોલીસ કમિશનર એ.કે.સિંઘને આવ્યો હતો. વર્ષ-2023થી સુરત પોલીસે આ સેવાયજ્ઞ શરૂ કર્યો છે. વર્ષ દરમિયાન અલગ અલગ પોલીસ મથકમાં રક્તદાન કેમ્પનું આયોજન કરી આશરે 10 હજાર બોટલ રક્ત એકત્ર કરવામાં આવે છે. જે થેલેસેમિયાગ્રસ્ત દર્દીઓને ચડાવવામાં આવે છે.


### પુણા ગામ ખાતે શાંતિનિકેતન સોસાયટીમાં રામકથા

સુરતઃ આજે પુણા ગામ ખાતે શાંતિનિકેતન સોસાયટીમાં શ્રી રામકથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રારંભ પૂર્વે સોસાયટીના પ્રમુખ સુરેશભાઈ સુહાગિયાના નિવાસ્થાનેથી પોથીયાત્રા નીકળી હતી. પોથીયાત્રામાં સોસાયટીના મહિલા મંડળની બહેનો ભજન કિર્તન અને કડતાલની રમઝટ સાથે રાસ ગરબા રમ્યા હતા તેમજ શિવ મહિલા મંડળ, ગોપી મહિલા મંડળ સહિત ખૂબ મોટી સંખ્યામાં આજુબાજુની સોસાયટીની બહેનો અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ મહેમાન પૂર્વ કોર્પોરેટર દિનેશભાઈ સાવલિયા તેમજ તેમના ધર્મપત્ની ઉપસ્થિત રહી પોથીયાત્રાનો લાભ લીધો. સોસાયટીની વાડીમાં વ્યાસપીઠ ખાતે કષ્ટભંજન દેવ હનુમાનજીની સાથે બિરાજમાન કરી રામકથાના વક્તા રાજુબાપુ નિમાવતના સ્વકંઠે શ્રી રામકથાના રસપાનની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

### સુરતમાં આજે ઊર્જા તીર્થ ઉદ્ધાર ઉત્સવ

સુરતઃ સુરતના ચારે ફિરકાના જૈનો સમાજની યુનિટીનું એક શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે આવતીકાલે ઊર્જા તીર્થ ઉદ્ધાર ઉત્સવ ઉજવાશે. આ કાર્યક્રમમાં મુંબઈ મહાસંઘ, અમદાવાદ મહાસંઘ અને સુરત મહાસંઘના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. વક્તાઓ અને સંગીતકારોની સાથે સાથે વિશિષ્ટ અભિનય કુશળ કલાકારો કાર્યક્રમને જીવંત બનાવશે. ગોપીપુરામાં બિરાજમાન શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન લાખો જૈનોની આસ્થાના કેન્દ્ર છે. આ કાર્યક્રમ નિમિત્તે તેમની આબેહૂબ પ્રતિકૃતિ પ્રતિમા બનાવવામાં આવી છે. સાત ઘોડા જોડેલા સૂર્યપુર રથમાં સૂર્ય જેવા દેદીપ્યમાન પ્રભુજી એક દિવ્ય આગમન ઉત્સવ સાથે કાર્યક્રમમાં પધારશે. તા. ૫ એપ્રિલ, રવિવાર રથયાત્રાનો સાંજે ૬:૦૦ વાગે શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન, પાલ ખાતેથી કરવામાં આવશે અને સાંજે ૭:૫૯ વાગે ઊર્જા ઉત્સવ વાટિકા, ભાગ્યરત્નની પાસે, પાલમાં કાર્યક્રમ યોજાશે.

### આજનો માણસ પરીક્ષાની જિંદગીમાં અટવાયો છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ, પ્રશાન્તમૂર્તિ આ. રાજેન્દ્રસૂરિજી મહારાજ, આ. મુક્તિવલ્લભસૂરિજી મ., આ. પદ્મદર્શનસૂરિજી મહારાજ, આ. ધર્મયશસૂરિજી મ. આદિ 60 શ્રમણ વૃંદની પાવન પધરામણી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે. મૂ.પૂ. જૈન સંઘમાં થતાં રાજેશ્વર પાર્ક જૈન સંઘથી પૂજ્યોનું ભવ્ય સામૈયું થયું હતું. આ પાવન અવસરે પ્રશાન્તમૂર્તિ આચાર્ય રાજેન્દ્રસૂરિજી મહારાજે માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પ્રભુ મહાવીર સ્વામી, ગૌતમ સ્વામીજી, સ્થુલભદ્ર જેવા મુનિવરો અને દાન, શીલ, તપ, ભાવ સ્વરુપ ધર્મની પ્રાપ્તિ થઈ છે. પાવન અને પવિત્ર બનવા માટે આપણે પ્રયત્ન કરવાનો છે એમ ગચ્છાધિપતિએ જણાવ્યું હતું. આ. મુક્તિવલ્લભસૂરિજીએ ભગવાનને પાંચ પ્રાર્થના માટે મૌલિક પ્રવચન આપ્યું હતું. આ. ધર્મયશસૂરિજી મહારાજે પણ વૈરાગ્યની રસધારા વહાવી હતી. આ. પ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, આજનો માણસ જિંદગીનું લક્ષ્ય ભૂલ્યો છે. દ્રોણાચાર્યજીએ પાંડવોની પરીક્ષા લીધી હતી. આ પરીક્ષામાં માત્ર અર્જુન જ ઉત્તીર્ણ થયો હતો. આજનો માણસ પરીક્ષાની જિંદગીમાં અટવાયો છે. માત્ર પરીક્ષા જ આપ્યા કરે છે.

## ચેક રિટર્ન કેસમાં માનેલા ભાઈને બે વર્ષની કેદની સજા

**શેરબજારમાં** રોકાણની જરૂર હોવાથી બહેને ૮૦ લાખ આપ્યા હતા

સુરતઃ માનેલા ભાઈને બહેને ધંધામાં મદદરૂપ થવા બે કરોડ આપ્યાં, પરંતુ આ રકમ પરત કરવા માટે ભાઈએ આપેલા ચેક રિટર્ન થતાં બહેને કરેલી ફરિયાદમાં કોર્ટે આરોપી ભાઈને બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. અંબાજી રોડ રામેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતાં રેખાબેન નરેન્દ્રભાઈ બંગાલી અને વરાછા કૃષ્ણ નગર સોસાયટીમાં રહેતાં હેલ્થ કેરની પ્રોડક્ટનું માર્કેટિંગ કરતાં આરોપી હિતેષકુમાર રમેશભાઈ બલર વચ્ચે ભાઈ-બહેનનો સંબંધ બંધાયો હતો. ૨૦૨૧ માં આરોપીને શેર માર્કેટમાં ટ્રેડિંગના ધંધામાં મોટી નાણાંકીય જરૂરીયાત હોય, ફરિયાદીને રોકાણ કરવા જણાવ્યું હતું. જેથી બહેને ભાઈ પર વિશ્વાસ રાખી રૂ.૮૦,૦૦,૦૦૦ રોકડા અને ચેકથી આરોપીને આપ્યા હતા. જે રકમ આરોપીએ નફા વળતર સાથે ત્રણ વર્ષમાં પરત કરવાની જવાબદારી સ્વીકારી હતી. આરોપીએ ફરિયાદીને રૂપિયા બે કરોડ ચૂકવી આપવાના થતા હતા. જે અંગે આરોપીએ બાહેંધરી કરાર પણ કરી આપ્યો હતો. ત્યારબાદ ચેક આપતા ચેક રિટર્ન થતાં ફરિયાદી બહેને માનેલા ભાઈ સામે વકીલ અજય વી. વેલાવાલા તથા જીગર આર. રાજપુત મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી પૂર્ણ થતાં કોર્ટે આરોપી હિતેષકુમાર રમેશભાઈ બલરને બે વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા બે કરોડ ફરિયાદીને ૯% ના સાદા વ્યાજ સાથે વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

## શહેરમાં બેભાન થયા બાદ વધુ બે યુવકનાં મોત

સુરતઃ શહેરમાં બેભાન થઈ જવાના કિસ્સામાં વધુ બેનાં મોતની ઘટના સામે આવી છે.

સણિયા હેમાદ ગામમાં રહેતા ૩૪ વર્ષીય દિવ્યેશ નરેશભાઈ પ્રજાપતિ ઉધના ખાતે આવેલી ખાનગી ઓફિસમાં હતા. ત્યારે શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ તેઓ બેભાન થઈ જતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી ઘટનામાં ઈચ્છાપોર પોલીસ મથકની હદમાં ભાઠા ગામમાં બની હતી. અહીંના આહીરવાસમાં રહેતા અને ડ્રાઈવીંગનું કામ કરતા ૩૩ વર્ષીય યોગેશ રમેશભાઈ આહીર ચારો લેવા ગયા હતા ત્યારે બેભાન થઈ જતા તેમને સિવિલમાં મૃત જાહેર કરાયાં હતાં. તેમનું પણ હાર્ટએટેકથી મોત થયું હોવાની સંભાવના છે.

## 'ચાલ મારી બાઈક પર બેસી જા, ફરવા જઈએ'

**અમરોલીમાં** ધો.8ની વિદ્યાર્થિનીની સરેઆમ છેડતી કરી ઘર સુધી પીછો કર્યો

સુરત : પોલીસના એન્ટી રોમિયો સ્ક્વોડના દાવાઓ વચ્ચે અમરોલી વિસ્તારમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. ટ્યુશન ક્લાસીસથી ઘરે પરત ફરી રહેલી ધોરણ ૮ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય માસૂમ કિશોરીને એક અજાણ્યા બાઈક સવારે આંતરીને તેની જાહેરમાં છેડતી કરતા ચકચાર મચી ગઈ છે. નરાધમે 'મારી સાથે ફરવા ચાલ' કહીને કિશોરીનો સોસાયટી સુધી પીછો કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. અમરોલી વિસ્તારમાં રહેતી અને ધોરણ ૮ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય કિશોરી ગત તારીખ ૦૩/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ટ્યુશન ગઈ હતી. સવારે આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં જ્યારે તે ભણીને ઘરે પરત ફરી રહી હતી, ત્યારે એક અજાણ્યા બાઈક સવારની નજર આ માસૂમ દીકરી પર પડી હતી. વિકૃત માનસ ધરાવતા આ ઈસમે જાહેર રસ્તા પર જ કિશોરી પાસે બાઈક ઉભી રાખી દીધી હતી. નરાધમે કિશોરીને ઉદ્દેશીને નિર્લજ્જતાથી કહ્યું કે,'ચાલ, મારી ગાડી પર બેસી જા, આપણે ફરવા જઈએ.' અચાનક બનેલી આ ઘટનાથી કિશોરી હેબતાઈ ગઈ હતી અને ડરના માર્યા કંઈ પણ બોલ્યા વગર ચાલવા લાગી હતી. જોકે, નરાધમની હિંમત એટલી વધી ગઈ હતી કે તેણે કિશોરીનો પીછો ચાલુ રાખ્યો અને ફરીથી તેની પાસે જઈને તે જ શબ્દોનું પુનરાવર્તન કરી છેડતી કરી હતી. તેણે આ હકીકત માતાને કહેતા પરિવારે અમરોલી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

## BJP સામે પોસ્ટર કેસમાં આપના કાર્યકરની ધરપકડ

સુરતઃ સોમવારની રાત્રે ઉત્રાણ વિસ્તારના મનીષા ગરનાળા ઓવરબ્રિજ, યમુના ચોક, ઉત્રાણ પાવર હાઉસ, સુદામા ચોક, શ્રીનિધી રેસીડન્સીની સામે, પાટીદાર બ્રિજ અને એબીસી સર્કલ સહિતના જાહેર સ્થળોએ પોસ્ટર ચોંટાડવામાં આવ્યા હતા.

આ મામલે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં પોલીસે બાતમીના આધારે આમ આદમી પાર્ટીના કાર્યકર્તા કિરીટભાઈ ઉર્ફે કેપી પરસોત્તમભાઈ પાનસુરીયા (ઉં.વ.43, રહે., સરદાર નગર હાઉસિંગ બોર્ડ, કોસાડ, મૂળ રહે., જૂનાગઢ)ને ઝડપી પાડ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કિરીટ ઉર્ફે કેપી અને તેના સાગરીતોએ રાત્રિના અંધારામાં આ પોસ્ટરો લગાડ્યા હતા.

## કોલેજની છાત્રાએ લગ્ન હોવા છતાં પરીક્ષા આપી

**વિદ્યાર્થિની** મીનાક્ષી વસાવાએ ગૃહ વિજ્ઞાનની પ્રેક્ટિકલ પરીક્ષા આપી



સુરતઃ સુરત શહેરમાં અભ્યાસ પ્રત્યેની લાગણી અને પ્રતિબદ્ધતાનું અનોખું ઉદાહરણ સામે આવ્યું છે, જ્યાં એક વિદ્યાર્થિનીએ પોતાના જીવનના મહત્ત્વપૂર્ણ પ્રસંગ એવા લગ્નના દિવસે પણ પોતાની પરીક્ષાને પ્રાથમિકતા આપી હતી.

મળતી માહિતી મુજબ, અત્રેની કોલેજમાં ટી.વાય. બી.એ. સેમેસ્ટર-૬માં ગૃહવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની વસાવા મીનાક્ષીબેન નાનુભાઈએ તા. ૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાયેલી ગૃહવિજ્ઞાનની મેજર-૧૫ અને માઈનર-૬ની પ્રેક્ટિકલ પરીક્ષા આપી હતી. નોંધનીય છે કે, આ જ દિવસે તેમના લગ્ન હોવા છતાં તેમણે પરીક્ષા આપવા હાજરી આપી હતી. કોલેજ તરફથી પ્રાપ્ત માહિતી મુજબ, વિદ્યાર્થિનીએ પોતાની શૈક્ષણિક જવાબદારીને મહત્ત્વ આપતા સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચી પ્રેક્ટિકલ પરીક્ષા પૂર્ણ કરી હતી. આ પ્રસંગના ફોટોગ્રાફ પણ કોલેજ દ્વારા સંલગ્ન કરવામાં આવ્યા છે, જે વિદ્યાર્થિનીના દૃઢ સંકલ્પને દર્શાવે છે. વિદ્યાર્થિનીના આ પ્રયત્નને શિક્ષકો તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા વખાણવામાં આવ્યો હતો. જીવનના મહત્ત્વપૂર્ણ પ્રસંગ વચ્ચે પણ અભ્યાસ પ્રત્યેની નિષ્ઠા જાળવી રાખવાનો આ પ્રયાસ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

## જાહેરમાં દાતરડું લઈ યુવક મારવા દોડ્યો

**વિડીયો** વાયરલ, ભીડ વચ્ચે જીવલેણ હુમલાનો પ્રયાસ, યુવક બિનધાસ્ત ફરાર

સુરતઃ ડિંડોલીના મહાદેવ નગર-૩ વિસ્તારમાં ગત રોજ નજીવી બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોકે, આ વિવાદે ત્યારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું જ્યારે એક યુવક અચાનક જ ક્યાંકથી મોટું દાતરડું લઈ ધસી આવ્યો હતો. આરોપીએ ભીડની વચ્ચે જ દાતરડું હવામાં વીંઝવાનું શરૂ કર્યું અને એક વ્યક્તિને નિશાન બનાવી તેની પાછળ દોડ્યો હતો. સદનસીબે આ હુમલામાં કોઈને ગંભીર ઈજા પહોંચી ન હતી, ઘટના સમયે કોઈ જાગૃત નાગરિકે આ આતંકનો વિડીયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો. જે વાયરલ થતાં ડિંડોલી પોલીસ દોડતી થઈ ગઈ હતી. ભયના માર્યા સામે ન આવતા પોલીસે પોતાની શાન બચાવવા જાતે જ ફરિયાદી બની ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

**આરોપી રૂસ્તમપુરાનો હોવાનું ખૂલ્યું**

ડિંડોલી પોલીસમથકના પીઆઈ પી.એલ. વાઘેલાએ જણાવ્યું હતું કે, વિડીયોના આધારે આરોપીની ઓળખ કરી લેવામાં આવી છે. હુમલાખોર લિંબાયતના રૂસ્તમપુરા વિસ્તારનો રહેવાસી છે. તેની ધરપકડ માટે અલગ-અલગ ટીમો બનાવી દરોડા પાડવામાં આવી રહ્યા છે.

## પનીરમાં ભેળસેળ શોધવા 110 એકમમાં ચેકિંગ

**ગુણવત્તા બોર્ડ** ફરજિયાત બાદ ફૂડ વિભાગ સક્રિય થતાં 52,300નો દંડ વસૂલ્યો

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ભેળસેળવાળા અને નીચી ગુણવત્તાવાળા પનીર વેચાણ સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં પનીરના નામે સબ સ્ટાન્ડર્ડ માલ વેચાતો હોવાની ફરિયાદો અને તાજેતરમાં પાંડેસરા વિસ્તારમાં જપ્ત કરાયેલા 1401 કિલો પનીરનો જથ્થો સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં તંત્ર એલર્ટ બન્યું છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રીએ હોટલ અને ખાણીપીણીના સંચાલકોને પનીરની ગુણવત્તા અંગે પારદર્શિતા જાળવવા માટે બોર્ડ લગાવવાની સૂચના આપી હતી. તેના અનુસંધાને મનપાના ફૂડ વિભાગે શહેરભરમાં વ્યાપક ચેકિંગ હાથ ધર્યું હતું.

શુક્રવાર અને શનિવારે વિવિધ વિસ્તારોમાં ટીમ બનાવી કુલ 110 જેટલી હોટલો, લારીઓ અને ખાણીપીણીની સંસ્થાઓમાં તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓએ માત્ર બોર્ડ લગાવવામાં આવ્યા છે કે નહીં તેની ચકાસણી જ નહીં, પરંતુ બોર્ડ પર દર્શાવેલી માહિતી મુજબ જ પનીરનો સ્ટોક છે કે કેમ તેની પણ ખાતરી કરી હતી. તપાસ દરમિયાન નિયમોનું પાલન ન કરનાર સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. કુલ 75 સંચાલકો સામે નોટિસ ફટકારીને 52,300ની પેનલ્ટી વસૂલવામાં આવી હતી. મનપા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે આવનારા સમયમાં પણ આવી ચકાસણીઓ નિયમિત રીતે ચાલુ રાખવામાં આવશે.